# સુરત મહાનગરપાલિકા
# પ્રધાનમંત્રી આવાસ યોજના
# એફોર્ડેબલ હાઉસીંગ સેલ
## –: જાહેર સુચના :–

**પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગત EWS-II ટાઈપ સ્કીમના આવાસોના તા.૨૧/૧૦/૨૦૨૦ થી તા.૦૫/૧૨/૨૦૨૦ સુધીમાં અરજી ફોર્મ મેળવવા તથા જમા કરાવવા માટે અરજીપત્રકો મંગાવવામાં આવે છે.**

| અ. નં. | EWS-II ટાઈપ સ્કીમના યોજનાનો સ્કીમ કોડ | આવાસનું સ્થળ અને સરનામું | આવાસોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | EWS-31 | "સુમન પાર્થ",ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર),ફા.પ્લોટ નં.૧૩૬,વિશ્વકર્મા મંદિર સામે, આઝાદનગર રોડ, અલથાણ, સુરત.<br>RERA રજીસ્ટ્રેશન નંબર :– PR/GJ/SURAT/SURAT CITY/SUDA/RAA06994/140520 | ૩૦૦ |
| ૨ | EWS-33 | "સુમન સંજીવની", ટી.પી.સ્કીમ નં.૪૨(ભીમરાડ),ફા.પ્લોટ નં.૬૧,ભીમરાડ ચેક પોસ્ટ પાસે, મહિલા આઈ.ટી.આઈ.ની બાજુમાં, અલથાણ–સરસાણા રોડ, ભીમરાડ, સુરત.<br>RERA રજીસ્ટ્રેશન નંબર :– PR/GJ/SURAT/SURAT CITY/SUDA/RAA05439/150519 | ૩૬૦ |
| ૩ | EWS-35 | "સુમન સાધના", ટી.પી.સ્કીમ નં.૩૭ (વરીયાવ), ફા.પ્લોટ નં.૯૯, વ્હાઈટ સોલીટેરની પાછળ, છાપરાભાઠા વાય જંકશન પાસે, વરીયાવ, સુરત.<br>RERA રજીસ્ટ્રેશન નંબર :– PR/GJ/SURAT/SURAT CITY/SUDA/MAA04993/070319 | ૫૫ |
| ૪ | EWS-36 | "સુમન વૈભવ", ટી.પી.સ્કીમ નં.૩૬(વરીયાવ), ફા.પ્લોટ નં.૯૦, નંદઘરની સામે, છાપરાભાઠા–અમરોલી રોડ, વરીયાવ, સુરત.<br>RERA રજીસ્ટ્રેશન નંબર :– PR/GJ/SURAT/SURAT CITY/SUDA/MAA06473/171219 | ૬૮૨ |
| આવાસો લાભાર્થીને મળતી તમામ સરકારી (રાજય તેમજ કેન્દ્ર સરકારની) સહાય બાદ કરીને અંદાજીત રૂા.૫.૫૦ (સાડા પાંચ) લાખમાં ફાળવવામાં આવશે. મેઈન્ટેનન્સ ડીપોઝીટ છેલ્લા હપ્તા સાથે રૂા.૫૦,૦૦૦.૦૦(રૂા.પચાસ હજાર) અલગથી ભરવાની રહેશે. **RERA Website : gujrera.gujarat.gov.in** | | | **૧૩૯૭** |

**અરજી ફોર્મ મેળવવાનું તથા ડીપોઝીટ અને પુરાવા સાથે જમા કરવાનું સ્થળ કોટક મહિન્દ્રા બેંક**

(૧)સુરત–લાલગેટ મેઈન રોડ, (૨)સુરત–આઈસીસી ટાવર–રીંગ રોડ (૩)સુરત–વેસુ (૪)સુરત–સીટી લાઈટ (૫)સુરત–ઘોડદોડ રોડ (૬)સુરત–પીપલોદ (૭)સુરત–સોસીયો સર્કલ (૮)સુરત–સચીન (૯)સુરત–અડાજણ (૧૦)સુરત–એલ.પી.સવાણી (૧૧)સુરત–વેડ રોડ (૧૨)સુરત–કતારગામ એવલોન (૧૩)સુરત–કતારગામ (૧૪)સુરત–વરાછા રોડ (૧૫)સુરત–હીરાબાગ (૧૬)સુરત–સરથાણા શાખાઓ ઉપર **<u>તા.૨૧/૧૦/૨૦૨૦ થી તા.૦૫/૧૨/૨૦૨૦ સુધીમાં (જાહેર રજાઓ સિવાય)</u>** બેંકના કામકાજના સમય દરમ્યાન એક વ્યકિતને એક જ ફોર્મ રૂા.૧૦૦/– નિયત ફી ભર્યેથી અરજી ફોર્મ મેળવી શકાશે તેમજ પુરાવા તથા ડીપોઝીટ રૂા.૨૦,૦૦૦/– "SURAT MUNICIPAL CORPORATION" નામનો PAYABLE AT SURAT ના ડિમાન્ડ ડ્રાફટથી સાથે ભરેલ અરજી ફોર્મ જમા કરાવી શકાશે.

**<u>પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગત વેઈટીંગ લીસ્ટના લાભાર્થીઓએ રૂબરૂ હાજર રહી ડીપોઝીટ ભર્યાની રસીદની ઝેરોક્ષ સાથે રાખી સંમતિપત્રક આપવાનું રહેશે.</u>**

| અ.નં. | યોજનાનો કોડ | તારીખ |
|---|---|---|
| ૧ | EWS-૨૬ | તા.૨૧/૧૦/૨૦૨૦ થી ૦૩/૧૧/૨૦૨૦ |
| ૨ | EWS -૨૭ | તા.૦૪/૧૧/૨૦૨૦ થી ૧૧/૧૧/૨૦૨૦ |
| ૩ | EWS -૨૮ | તા.૧૨/૧૧/૨૦૨૦ થી ૧૮/૧૧/૨૦૨૦ |
| ૪ | EWS -૩૨ | તા.૧૯/૧૧/૨૦૨૦ થી તા.૦૩/૧૨/૨૦૨૦ |
| ૫ | EWS -૩૪ | તા.૦૪/૧૨/૨૦૨૦ થી તા.૦૫/૧૨/૨૦૨૦ |

**નોંધઃ**–(૧)અગાઉના પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગત EWS-II ટાઈપ સ્કીમના વેઈટીંગના લાભાર્થીઓએ સામે દર્શાવેલ તારીખ દરમ્યાન **(૧૧:૦૦ થી ૨:૦૦, ૩:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી–જાહેર રજાઓ સિવાય)** સંમતિપત્રક એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી, ધાસ્તીપુરા, સુરત ખાતે જમા કરાવવાનું રહેશે તથા સંમતિપત્રક આપનાર લાભાર્થીનું અગાઉના વેઈટીંગ લીસ્ટમાંથી નામ રદ થવાપાત્ર છે તથા ફરી મૂળ સ્કીમમાં જઈ શકાશે નહિ.

(૨) પ્રત્યેક સ્કીમ માટેના કુટુંબદીઠ એક જ અરજી ફોર્મ ભરી શકાશે તેમ છતાં અરજદાર દ્વારા એક થી વધુ સ્કીમ માટે ફોર્મ ભરેલ હોય તેવા અરજદારોને ડ્રો માં એક થી વધુ સ્કીમમાં આવાસની ફાળવણી થાય તો તેઓની પસંદગીની એક જ સ્કીમમાં એક જ આવાસની ફાળવણી કરવામાં આવશે, બાકીના આવાસો સુરત મહાનગરપાલિકાને પરત કરવાના રહેશે તેમજ ફોર્મ સાથે ભરેલ ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૩) કોમ્પ્યુટરાઈઝ ડ્રો થયા પહેલાં જે લાભાર્થીઓ પોતાની ડીપોઝીટ પરત મેળવવા માંગતા હોય તેઓએ પરત મેળવી લેવાની રહેશે. ડ્રો માં આવાસ ફાળવ્યા બાદ ડીપોઝીટની રકમ મળવાપાત્ર નથી તેમજ ભરેલ હપ્તાની ૫૦% રકમ જપ્ત કરવામાં આવશે.

(૪) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ફાળવેલ આવાસો ૭ વર્ષ સુધી અન્યને તબદીલ કરી શકાશે નહી/ભાડે આપી શકાશે નહી/વેચી શકાશે નહી/ગીરો કરી શકાશે નહી તેમજ અન્ય કોઈ રીતે હસ્તાંતર કરી શકાશે નહિં.

(૫) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા EWS-II ટાઈપ સ્કીમના આવાસો ફક્ત કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા ફાળવવામાં આવે છે તેમજ તેના હપ્તાની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડરથી એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી, વરીયાવી બજાર પોલીસ ચોકીની સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત ખાતે સ્વીકારવામાં આવે છે. આથી જાહેર જનતાએ કોઈ પણ વ્યકિતની વાતોમાં આવી જઈ ભરમાવું નહિ કે ભરોસો કરવો નહિ તથા અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરવો નહિ. જો કોઈ લાભાર્થી અન્ય કોઈ ત્રાહિત વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરશે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ. આ યોજના બાબતે વધુ માહિતી માટે સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી, ધાસ્તીપુરા, સુરત ખાતે રૂબરૂ મળવું અથવા ફોન નં. ૨૪૨૮૫૫૭ થી સંપર્ક કરવો.

(૬) બેંકમાંથી અરજીફોર્મ મેળવવા, જમા કરાવવા, એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરીએ સંમતિપત્રક મેળવવા તથા જમા કરાવવા આવે ત્યારે COVID-19 અંતર્ગત દરેક લાભાર્થીએ ઓછામાં ઓછું ૬ ફૂટનું અંતર જાળવવાનું રહેશે (સોશિયલ ડિસ્ટન્સ) તથા ફરજિયાત માસ્ક પહેરવાનું રહેશે.

(૭) સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ **www.suratmunicipal.gov.in** ઉપરથી જાહેરાત ડાઉનલોડ કરી શકાશે.

**પી.આર.ઓ. નં.** **મ્યુનિ.કમિશનર**
**તા. / /૨૦૨૦** **સુરત મહાનગરપાલિકા**